*This Question Paper contains 16 printed pages.*
*(Part - A & Part - B)*

Sl.No. 0157395

# 10(G)

**(MARCH, 2019)**
**(New Course)**

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet. |
|---|
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**
**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

*Time : 1 Hour]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) નીચે આપેલ વિશેષતાઓ કયા નૃત્ય સાથે જોડાયેલ છે ?

(i) આ નૃત્યમાં ભારતીય નૃત્યની પાયાની મુદ્રાઓ વણી લેવામાં આવી છે.

(ii) આ નૃત્ય મુખ્યત્વે સ્ત્રી સૌંદર્યના વર્ણન પર આધારિત છે.

(iii) આ નૃત્ય સ્ત્રીઓ અને પુરુષો બન્ને કરે છે.

(A) કુચીપુડી (B) કથકલી

(C) ઓડિસી (D) મણિપુરી

2) 'કાદમ્બરી' ગ્રંથની રચના કોણે કરી હતી ?

(A) બાણે (B) ભવભૂતિએ

(C) ભાસે (D) ભાસ્કરાચાર્યે

3) 'હમ્પી' સ્થાપત્ય નીચેનામાંથી કયા સ્થળ સાથે જોડાયેલ છે ?

(A) તિરુવન્તપુરમ્ (B) હોસપેટ

(C) પુરી (D) રાયપુર

4) 'શર્મિષ્ઠા તળાવ' ગુજરાતના કયા સ્થળે આવેલું છે ?

(A) વિરમગામ (B) ધોળકા

(C) જૂનાગઢ (D) વડનગર

5) રણ પ્રકારની જમીનમાં સિંચાઈની સુવિધાઓથી કયા પાક લેવાય છે ?

(A) બાજરી – જુવાર (B) જુવાર – મગફળી

(C) બાજરી – ઘઉં (D) જુવાર – તલ

6) ગુજરાતનું સૌથી મોટું બંદર નીચેનામાંથી કયું છે ?

(A) પોશિત્રા (B) પીપાવાવ

(C) કંડલા (D) પોરબંદર

7) ''ભાવિ પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકસાન પહોંચાડ્યા સિવાય વર્તમાન પેઢીની જરૂરિયાતો સંતોષવી'' એટલે શું ?

(A) પર્યાવરણ અવક્રમણ (B) સુપોષિત વિકાસ

(C) પર્યાવરણ તરફ દૂર્લક્ષ (D) ખાનગી વિકાસ

8) 'ગ્રાહક અધિકાર દિન' સમગ્ર વિશ્વમાં ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 15 મી માર્ચ (B) 12 મી ડિસેમ્બર


(C) 18 મી ફેબ્રુઆરી (D) 5 મી જૂન

9) નીચેનામાંથી કયા આર્ટિકલ અનુસાર બંધારણમાં રાજ્ય તરફથી નિભાવાતી અથવા નાણાકીય સહાયથી ચાલતી કેળવણીની સંસ્થામાં પ્રવેશ અટકાવી શકાય નહી ?

(A) આર્ટિકલ - 16 (B) આર્ટિકલ - 29

(C) આર્ટિકલ - 15 (D) આર્ટિકલ - 46

10) નીચે આપેલ ચિત્ર ભારતીય સંસ્કૃતિના કયા લક્ષણને પ્રદર્શિત કરે છે ?



(A) સહિષ્ણુતા (B) વિવિધતામાં એકતા

(C) પ્રાચીનતા અને સાતત્ય (D) આધ્યાત્મિકતા અને ભૌતિકવાદ

11) દુનિયામાં એક-કે-બે સ્થળે જ મળતું સંસાધન એટલે .......

(A) વિરલ સંસાધન (B) સર્વ સુલભ સંસાધન

(C) સામાન્ય સુલભ સંસાધન (D) એકલ સંસાધન

12) નીચેનામાંથી કઈ બાબતની અસર નીચે જ્ઞાન અને જાણકારીના અભાવે વસ્તુઓ કોઈપણ પ્રકારની ચોકસાઈ કર્યા વિના ગ્રાહક ખરીદે છે ?

(A) જાહેર ખબરોની (B) વેપારીની

(C) સરકારની (D) પાડોશી અને મિત્રોની

13) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ(ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત) નું નિયંત્રણ હોય તે જંગલો કયા ? જણાવો.

(A) કાંટાળા જંગલો (B) ઝૂમ જંગલો

(C) ગ્રામ્ય જંગલો (D) સામુદાયિક જંગલો

14) અમદાવાદમાં આવેલ એક શાળા પોતાના વિદ્યાર્થીઓને બાયોગેસ પ્લાન્ટ જોવા લઈ જનાર છે. તો તેમને કયું નજીકનું ક્ષેત્ર પસંદ રહેશે ?

(A) મેથાણ (B) રુદાતલ

(C) દાંતીવાડા (D) છાણી

15) દક્ષિણ ભારતમાં ઉચ્ચપ્રદેશ અને પર્વતીય વિસ્તારના કારણે કયા પ્રકારના જળનું પ્રમાણ ઓછું જોવા મળે છે ?

(A) પેય જળ (B) પૃષ્ઠિય જળ

(C) ભૂમિગત જળ (D) વૃષ્ટિ જળ

16) નીચે જમીન નિર્માણની પ્રક્રિયા બતાવેલ છે તેમાં પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ શું આવે ?

ખડકો → આબોહવા → ખવાણ → ? → જમીન

(A) સૂર્યપ્રકાશ

(B) પથ્થર

(C) જૈવિક તત્ત્વો

(D) લાવારસ

17) સૂફી સંત સલીમ ચિસ્તીની યાદમાં અકબરે કયું નગર વસાવ્યું ?

(A) ચાંપાનેર (B) ફતેહપુર સિકરી

(C) સરહાનપુર (D) વિજયનગર

18) ભારતના અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોના સ્થાન દક્ષિણના રાજ્યથી શરૂ કરી ઉત્તરના રાજ્યોના ક્રમ પસંદ કરો.

(A) મદુમલાઈ, પેરિયાર, વેળાવદર, રાજાજી

(B) પેરિયાર, વેળાવદર, મદુમલાઈ, રાજાજી

(C) પેરિયાર, મદુમલાઈ, વેળાવદર, રાજાજી

(D) રાજાજી, વેળાવદર, મદુમલાઈ, પેરિયાર

19) ગુજરાતનું કયું ક્ષેત્ર ખનીજતેલ અને કુદરતી વાયુનો ભંડાર ધરાવતું ક્ષેત્ર છે ?

(A) અંકલેશ્વર (B) ગાંધાર

(C) લૂણેજ (D) અમદાવાદ

20) નીચે આપેલા રેલવેના ડબાનાં ઉત્પાદન કેન્દ્રોને ઓળખી સાચો જવાબ લખો.

(A) કોચી, મુંબઈ, માર્મગોવા, વિશાખાપટ્ટનમ્

(B) ભરૂચ, અંકલેશ્વર, વડોદરા, અમદાવાદ

(C) બેંગાલૂરુ, કપૂરથલા, કોલકત્તા, પેરામ્બૂર

(D) નાસિક, હૈદરાબાદ, લખનૌ, ઉજ્જૈન

21) ત્ર્યક્ષ નામનો વિદ્યાર્થી તેના પિતાજી લો-કોલેજમાં અધ્યાપક છે. તેના દાદાજી પશુ-સંવર્ધન કરવાનું કામ કરે છે. તો ત્ર્યક્ષના પિતાજી અને દાદાજી ભારતીય અર્થકારણના કયા માળખામાં આવશે ?

(પિતાજી અને દાદાજીનો પ્રશ્ન પ્રમાણે જવાબ ક્રમ જળવાવો જોઈએ)

(A) પ્રાથમિક - માધ્યમિક

(B) સેવા - માધ્યમિક

(C) સેવા - પ્રાથમિક

(D) પ્રાથમિક - સેવા

22) ધો-10 માં અભ્યાસ કરતો દર્શિલ નામનો વિદ્યાર્થી બોર્ડ(S.S.C.) ની પરીક્ષા આપવા દ્વિચક્રી વાહન લઈને જાય છે. જેને ચલાવવા માટે 'પરવાનો' જરૂરી છે. જે તેની પાસે નથી, અને પોલીસ દ્વારા તે પકડાય છે. આ પરિસ્થિતિમાં પોલીસે દર્શિલ સાથે શું કરવું જોઈએ ?

(A) બોર્ડની(S.S.C.) પરીક્ષા હોવાના કારણે જવા દેવો જોઈએ.

(B) દર્શિલના પિતાજી ઉચ્ચ હોદ્દા પર છે, તેથી જવા દેવો જોઈએ.

(C) તેનું વાહન જપ્ત કરીને તેને જવા દેવો જોઈએ.

(D) નજીવો દંડ વસુલી જવા દેવો જોઈએ.

23) ઊની કાપડ ઉદ્યોગનું કેન્દ્ર 'દેવાસ' કયા રાજ્યની શોભા વધારે છે ?

(A) મધ્ય-પ્રદેશ (B) ઉત્તર-પ્રદેશ

(C) ઓરિસ્સા (D) કર્ણાટક

24) નીચે ચિત્રમાં આપેલ લોગો શાના પર લગાડવામાં આવે છે ?



(A) સાબુ અને ટેલકમ પાવડર પર

(B) ઊનની બનાવટો અને પોશાક પર

(C) સોનાના દાગીના પર

(D) માંસ અને મટનની પેદાશો પર

25) મિશ્ર અર્થતંત્ર બીજા કયા નામે ઓળખાય છે ?

(A) મૂડીવાદી પદ્ધતિ (B) સમન્વય વિકારી પદ્ધતિ

(C) મુક્ત અર્થતંત્ર (D) નિયંત્રિત આર્થિક પદ્ધતિ

26) ISI માર્કો નીચેનામાંથી કોના દ્વારા લગાડવા માટે મંજૂરી આપવામાં આવે છે ?

(A) WHO દ્વારા (B) DMI દ્વારા

(C) BIS દ્વારા (D) FAO દ્વારા

27) નીચે આપેલા વિધાનો વાંચી તે કયા અનુસંધાને છે તે જવાબ શોધીને લખો.

(i) કીટકોથી ક્ષતિગ્રસ્ત થયેલાં વૃક્ષોને દૂર કરવા જોઈએ.

(ii) બળતણ માટે સૌર ઊર્જા, કુદરતી વાયુ વગેરે વિકલ્પો વિચારવા જોઈએ.

(iii) સામાજિક વનીકરણ અને કૃષિ વનીકરણના પગલાં વિસ્તારવા જોઈએ.

(A) વન સંરક્ષણના ઉપાયો (B) વન્ય જીવન જાળવણીના ઉપાયો

(C) નિર્વનીકરણની અસરો (D) રાષ્ટ્રીય ઉદ્યાનોની જાળવણીના ઉપાયો

28) અજંતા-ઈલોરાની ગુફાઓ કયા રાજ્યની શોભા વધારે છે ?

(A) મધ્યપ્રદેશ (B) બિહાર

(C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક

29) સામાજિક વિજ્ઞાનના સાહેબે વર્ગમાં ચર્ચા યોજેલ, જે ચર્ચા સાંસ્કૃતિક વારસા અનુસંધાને હતી. તેમાં નીચેના વિદ્યાર્થીઓએ સ્થાપત્ય વિશે ચર્ચામાં ભાગ લીધો. તો તમારી દષ્ટિએ કોણ સાચું તે જણાવો ?

પ્રિયાંશી - ''ઈલોરાની ગુફામાં કૈલાસ મંદિર આવેલું છે. જે 50 મી. પહોળું, 33 મી. લાંબું અને 30 મી. ઊંચું છે.''

ત્વરા - ઈલોરાની ગુફામાં હિન્દુ ધર્મને લગતી ગુફાઓ 30 થી 34 નંબરની છે.

પ્રસન્ન - ઈલોરાની ગુફાઓ ઈ.સ. 600 થી ઈ.સ. 1000 ના કાળની છે.

નિકિ - બેલ્લારી તાલુકામાં ઈલોરા સ્થિત છે.

(A) ત્વરા (B) નિકિ

(C) પ્રસન્ન (D) પ્રિયાંશી

30) 'હું કોણ છું ? - આપેલ માહિતીના આધારે ઓળખો.

- મારું નિર્માણ ઈ.સ. 1003 થી ઈ.સ. 1010 ના સમયગાળામાં થયું હતું.

- મારું નિર્માણ ચોલવંશના રાજાએ કર્યું છે.

- મારું શિખર જમીનથી લગભગ 200 ફૂટ ઊંચું છે.

(A) બૃહદેશ્વર મંદિર - થંજાવુર (B) કોણાર્ક સૂર્યમંદિર - જગન્નાથપુરી

(C) ચોસઠ યોગીનીનું મંદિર - મધ્યપ્રદેશ (D) મહાબલીપુરમ - તમિલનાડુ

31) અમીર ખુશરો એ કઈ બે ભાષાઓના મિશ્રણ દ્વારા દ્વિભાષી ચોપાઈ અને દુહાઓની રચના કરી હતી ?

(A) હિન્દી અને અરબી (B) હિન્દી અને ફારસી

(C) ઉર્દૂ અને ફારસી (D) હિન્દી અને ઉર્દૂ

32) નીચે આપેલા સંગ્રહાલયને તેના સ્થળ સાથે સાચો ક્રમ પસંદ કરો.

| | |
|---|---|
| (1) રાષ્ટ્રીય સંગ્રહાલય | (i) મહારાષ્ટ્ર |
| (2) ભારતીય સંગ્રહાલય | (ii) દિલ્લી |
| (3) છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય | (iii) પશ્ચિમ બંગાળ |
| (4) સાલારજંગ સંગ્રહાલય | (iv) આંધ્રપ્રદેશ |

(A) (1 - ii), (2 - i), (3 - iv), (4 - iii)

(B) (1 - ii), (2 - iii), (3 - i), (4 - iv)

(C) (1 - iii), (2 - ii), (3 - i), (4 - iv)

(D) (1 - i), (2 - iv), (3 - iii), (4 - ii)

33) સરકારી આવક ખર્ચ, કરવેરા વિષયક અને જાહેર ઋણ અંગેની નીતિ એટલે _______ નીતિ.

(A) નાણાકીય નીતિ (B) રાજકોષીય નીતિ

(C) જાહેર વેપાર નીતિ (D) ઔદ્યોગિક નીતિ

34) નીચેનામાંથી કઈ યોજના અંતર્ગત દીકરીઓને વિના મૂલ્યે સાઈકલો આપવામાં આવે છે ?

(A) સબલા (B) રાષ્ટ્રીય સ્વાવલંબન

(C) ચિરંજીવી (D) સરસ્વતી સાધના

35) માનવીએ પોતાનાં કુનેહ, બુદ્ધિચાતુર્ય, આવડત અને કલા-કૌશલ્ય દ્વારા જે કંઈ પ્રાપ્ત કર્યુ કે સર્જન કર્યુ તેને શું કહે છે ?

(A) ભૌતિક વારસો (B) જૈવિક વારસો

(C) સાંસ્કૃતિક વારસો (D) પ્રાકૃતિક વારસો

36) વન્યજીવોને લગતો કાયદો ક્યારે અમલમાં આવ્યો ?

(A) 1982 (B) 1987

(C) 1972 (D) 1872

37) ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિમાં ધાર્મિક, સામાજિક મહત્ત્વ ધરાવતા મેળાઓ ક્યાં યોજાય છે ? તે યોગ્ય જોડકાં રૂપે જોડો.

| 'A' | 'B' |
|---|---|
| (1) ભવનાથનો મેળો | (i) ધોળકા |
| (2) વૌઠાનો મેળો | (ii) ઉનાવા |
| (3) કાર્તિકી પૂર્ણિમાનો મેળો | (iii) ગિરનાર |
| (4) મીરા દાતારનો મેળો | (iv) સોમનાથ |

(A) (1 - iii), (2 - i), (3 - ii), (4 - iv) (B) (1 - i), (2 - iv), (3 - ii), (4 - iii)

(C) (1 - iii), (2 - i), (3 - iv), (4 - ii) (D) (1 - iii), (2 - ii), (3 - i), (4 - iv)

38) નીચેના વિદ્વાનોના જૂથમાંથી એક વિદ્વાન જુદા પડે છે. તે વિદ્વાન કયા તે શોધો ?

(A) બોધાયન (B) ચરક

(C) ગૃત્સમદ (D) ભાસ્કરાચાર્ય

39) તાજમહેલના શ્વેત સંગેમરમર(આરસ) ઝાંખા અને પીળા પડી રહ્યા હતા, તેનું શું કારણ હતું ?

(A) જળ પ્રદૂષણ
(B) ભૂમિ પ્રદૂષણ
(C) ધ્વનિ પ્રદૂષણ
(D) વાયુ પ્રદૂષણ

40) માનવ વિકાસ અહેવાલ 2015 મુજબ ભારતના પાડોશી દેશોને ઉતરતા ક્રમે ગોઠવતાં કઈ જોડ સાચી બનશે ?

(A) શ્રીલંકા, ભૂતાન, ભારત, નેપાળ
(B) ભારત, શ્રીલંકા, નેપાળ, ભૂતાન
(C) શ્રીલંકા, ભારત, નેપાળ, ભૂતાન
(D) શ્રીલંકા, ભારત, ભૂતાન, નેપાળ

41) વિશ્વ વ્યાપાર સંગઠનનું મુખ્ય મથક કયા શહેરમાં આવેલું છે ?

(A) દિલ્લી
(B) પેટ્રાગાર્ડ
(C) જોર્જીયા
(D) જીનીવા

42) 1981 માં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે ભારત સરકારે કયો અધિનિયમ પસાર કર્યો ?

(A) વન્યજીવ સંરક્ષણ
(B) વાયુ પ્રદૂષણ નિયંત્રણ અધિનિયમ
(C) ભૂમિ પ્રદૂષણ નિયંત્રણ અધિનિયમ
(D) પર્યાવરણીય સમતુલન અધિનિયમ

43) નીચે આપેલા ઉપગ્રહ અને સામૂહિક સંચાર માધ્યમને તેના યોગ્ય સ્થાને ગોઠવી ઉત્તર શોધો.

| | |
|---|---|
| (1) IRS | (i) વીજાણું માધ્યમ |
| (2) PSLV | (ii) વ્યક્તિગત સંચારતંત્ર |
| (3) E-MAIL | (iii) ભારતીય દૂરસ્થ સંવેદન |
| (4) દૂરદર્શન | (iv) પ્રક્ષેપણ વાહન |

(A) (1 - iii), (2 - iv), (3 - ii), (4 - i)
(B) (1 - iv), (2 - ii), (3 - i), (4 - iii)
(C) (1 - iii), (2 - ii), (3 - i), (4 - iv)
(D) (1 - iii), (2 - iv), (3 - i), (4 - ii)

44) નીચે આપેલ ચિત્ર જોઈ જણાવો કે આ ચિત્ર કોનું અને ક્યાં આવેલું છે ?



(A) પદ્મનાભ - અજંતા

(B) નટરાજ - ઈલોરા

(C) પદ્મપાણિ - અજંતા

(D) નટરાજ - એલિફન્ટા

45) પશુઓના દાણ તરીકે ક્યો પાક મહત્ત્વનો છે ?

(A) કપાસ

(B) ચા

(C) કોફી

(D) શણ

46) ત્રિપુરામાં બિનકાયદેસર રીતે આવીને વસેલા લોકોએ કયું બળવાખોર સંગઠન રચ્યું છે ?

(A) કે.એન.એ.

(B) કે.એન.એફ.

(C) ટી.યુ.જે.એસ.

(D) એ.ટી.ટી.એફ.

47) 'જાહેર વિતરણ પ્રણાલી' ને વધુ સુદઢ બનાવવા નવી કઈ બાબતો અમલમાં મૂકી છે ?

(A) એ.ટી.એમ. કાર્ડ

(B) ચૂંટણીનું ઓળખપત્ર

(C) બારકોડ રેશનકાર્ડ

(D) બાયોમેટ્રીક ઓળખ

48) નીચેનામાંથી કઈ સમસ્યા વૈશ્વિક છે ?

(A) ભાષાવાદ

(B) સાંપ્રદાયિકતા

(C) જ્ઞાતિવાદ

(D) આતંકવાદ

49) ગુજરાતમાં આવેલ બહુહેતુક યોજનાઓમાં કડાણા અને વણાકબોરી કઈ નદી પર બાંધવામાં આવેલ છે ?

(A) રૂપેણ

(B) નર્મદા

(C) મહીસાગર

(D) સાબરમતી

50) ભારતમાં મફત શિક્ષણ મેળવવાના કાયદામાં કઈ બાબતો પર મનાઈ ફરમાવી છે ?

(A) પ્રવેશ સમયે કેપિટેશન ફી

(B) ખાસ તાલિમની સુવિધા

(C) જન્મના દાખલા વગર પ્રવેશ

(D) પ્રવેશ કસોટી વિના પ્રવેશ

# 10(G)

**(MARCH, 2019)**
**(New Course)**

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન-18 નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

### વિભાગ - A

■ **નીચેના પ્રશ્નક્રમાંક 1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

1) દિલ્લી સ્થિત ઊંચો મિનારો જેનું બાંધકામ ઈલ્તુત્મીશ દ્વારા પૂર્ણ કરાયેલ હતું - તેના સ્થાપત્ય વિશે ટૂંકી-નોંધ લખો. [2]

2) 'ગોપુરમ્' સ્થાપત્ય વિશે જણાવો. [2]

અથવા

ખંભાલીડા ગુફાનો પરિચય આપો.

3) ભારતમાં 'હાથી પરિયોજના' શરૂ કરવામાં આવી - કારણ આપો. [2]

4) બજાર પદ્ધતિનાં લક્ષણો જણાવો. [2]

5) મેંગેનીઝના ઉપયોગો જણાવો. [2]

## વિભાગ - B

■ **નીચેના પ્રશ્નક્રમાંક 6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

6) સ્ત્રીઓ સમગ્ર વિકાસની પ્રક્રિયાનું કેન્દ્રબિંદુ છે. – કારણ આપો. [2]

7) ભારતમાં અગ્નિ એશિયામાંથી આવેલી પ્રાચીન પ્રજાનો વિગતે પરિચય આપો. [2]

8) વિશ્વના સૌથી મોટા કાવ્ય ગ્રંથ વિશે જણાવો. [2]

9) ભારતમાં કૃષિ પેદાશની પેટન્ટ દેશના નામે કેમ હોવી જરૂરી છે ? [2]

અથવા

ભારતીય અર્થકારણમાં કૃષિનું યોગદાન ટૂંકમાં જવાબ આપો.

10) બહુહેતુક યોજના એટલે શું ? તેના હેતુઓ જણાવો. [2]

## વિભાગ - C

■ **નીચેના પ્રશ્નક્રમાંક 11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના 3 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

**11)** ભારતમાં કૃષિના પ્રકારોમાંથી કોઈપણ ત્રણ પ્રકારો સમજાવો. [3]

**12)** 'શણના કાપડનો ઉદ્યોગ' વિશે ટૂંકીનોંધ લખો. [3]

**13)** રંગ અને રેખાઓ દ્વારા કલા અને સૌંદર્યનું રસપાન કરાવતી કલાનો પરિચય આપો. [3]

**14)** ભ્રષ્ટાચારને ડામવાના ઉપાયો જણાવો. [3]

અથવા

ભ્રષ્ટાચાર એટલે શું ? અર્થતંત્ર અને સમાજ પર વિપરીત અસરો જણાવો.

**15)** મધ્યકાલીન સ્થાપત્યોનો પરિચય આપો. [3]

## વિભાગ - D

■ **નીચેના પ્રશ્નક્રમાંક 16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના 5 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

**16)** બેરોજગારી ઘટાડવાના કોઈપણ આઠ ઉપાયો વિસ્તૃત સમજાવો. [5]

અથવા

ગરીબી નિવારણની વ્યૂહ રચનાઓ જણાવો. (ગુણભાર અનુસાર લખો.)

17) પ્રાચીન ભારતની વૈદકવિદ્યા અને શૈલ્યચિકિત્સાનો પરિચય આપો. [5]

18) ઉત્તરવહીમાં છપાયેલ રેખાંકિત નકશામાં નીચેની વિગતો પૂરો. [5]

1) જુવાર ઉત્પન્ન કરતો એક પ્રદેશ

2) રાષ્ટ્રીય જળમાર્ગ નંબર - 2

3) રેશમી કાપડનું કર્ણાટકનું એક કેન્દ્ર (નામ સાથે)

4) કૃષ્ણરાજ સાગર યોજના

5) સીસું પ્રાપ્ત થતું હોય તેવો એક પ્રદેશ

**ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે**

1) જુવાર ઉત્પન્ન કરતા એક પ્રદેશનું નામ જણાવો.

2) રાષ્ટ્રીય જળમાર્ગ નંબર - 2 ક્યાંથી ક્યાં સુધી છે ?

3) રેશમી કાપડના કર્ણાટકના એક કેન્દ્રનું નામ લખો.

4) કૃષ્ણરાજ સાગર યોજના કઈ નદી પર છે ?

5) 'સીસું' ઉત્પન્ન કરતું કોઈપણ એક રાજ્યનું નામ લખો.